# સંતની ઉદારતા

દક્ષિણ ભારતમાં તુકારામ નામના એક પ્રસિદ્ધ સંત થઈ ગયા. તેઓ સાવ નિર્ધન હતા. મિલકતમાં ફક્ત એક નાનકડું ખેતર હતું.

એક વાર એમણે પોતાના ખેતરમાં શેરડી વાવી. એ પાકીને મોટી થઈ. તુકારામે શેરડી વાઢી. એની ભારી બાંધી અને ઘર ભણી લઈ ચાલ્યા. રસ્તામાં કેટલાંક બાળકો સામે મળ્યાં. બાળકો તો ભગતને ભલા માણસ તરીકે ઓળખે. એમણે શેરડી માગી. સંત તુકારામે શેરડીના સાંઠા બાળકોને વહેંચી દીધા. ફક્ત એક સાંઠો વધ્યો તે લઈને ઘેર આવ્યા.



સંતના પત્નીનું નામ રખુમાઈ હતું. એ ખૂબ જ ગુસ્સાખોર સ્વભાવવાળાં હતાં. ગરીબી એમને ગમતી નહિ, અને સંતના ઉદાર સ્વભાવ માટે પણ એ ચિડાતાં. સંત શેરડીનો ખાલી એક સાંઠો લઈને આવ્યા એટલે રખુમાઈ સમજી ગયાં કે બાકીની શેરડી એમણે વહેંચી મારી હશે !

રખુમાઈ તો એકદમ ઊઠ્યાં અને પેલો જ સાંઠો લઈને સંતને મારવા લાગ્યાં. મારતાં મારતાં સાંઠાના બે ટુકડા થઈ ગયા.

સંત તો હજુ ઉદારતાથી હસતા હતા. એમને ક્રોધ કરતાં તો આવડતું જ નહિ. એ હસીને બોલ્યા, ''રખુ ! તું કેટલી ભલી છો ! આપણે બંનેને માટે મારે આ સાંઠાના બે ટુકડા કરવા પડત, એ કામ તેં કરી નાખ્યું !''

આવા સંજોગોમાં પણ સંતે મન પર કાબૂ રાખ્યો એ જોઈને રખુમાઈ શરમાઈ ગયાં. પતિના પગ પકડીને પોતાના વર્તાવ બદલ માફી માગવા લાગ્યાં.

■